જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૨/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૧૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૫૬/૧૭**

**સરદારનગર** : નારીભાઇ માધવદાસ મટાઇ (સિંધી)(રહે,બંગલા એરીયા સોનાપાર્કની પાસે, કુબેરનગર) એ તા.૫/૨/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૨/૧૭ થી તા.૫/૨/૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાનાં મકાનના ઉપરના રૂમની બારીની ગ્રીલ કોઇ સાધન વડે ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાનુ બ્રેસલેટ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૯૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૧૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે.

**વટવા** : સંકેતભાઈ ચીમનભાઈ પટેલ (રહે,ખોડીયારનગર દર્શન રો-હાઉસ પી.ડી.પંડ્યા કોલેજની બાજુમાં વટવા) એ તા.૫/૨/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧/૧૭ સાંજનાં ૭/૩૦ થી તા.૨૪/૧/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાનાં મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને લેપટોપ મળી કુલ રૂપિયા ૯૯,૩૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે

**સીડી ઉપર પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૫૭/૧૭**

**કૃષ્ણનગર** : તેજસીગ ભીમરાજ મહેશવરી(ઉ.વ.૬૬)(રહે,હનુમાન ગલી, ઠક્કરનગર)નાઓ પોતાનાં ઘરનાં ધાબા પરથી નીચે ઉતરતાં હતા દરમ્યાન સીડી ઉપર ચક્કર આવતાં, નીચે પડી જતાં માથાનાં ભાગે ગંભીર ઇજા થતાં સારવાર અર્થે તેમને વી.એસ.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૫/૨/૧૭ બપોરનાં ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮/૧૭</u>**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ધરમવીર દિગમ્બરભાઇ બાક્ષે (રહે,રત્નદીપ સોસાયટી, રામરાજ્યનગર, શીવપાર્કની સામે, ઓઢવ) એ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૧/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ધરમવીરભાઈના પિતા દિગમ્બરભાઇ બાક્ષે (ઉ.વ.૪૭) પોતાની મોટર સાયકલ ચલાવી જી.આઇ.ડી.સી.વટવા એસોશીયેશનની ઓફીસ સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ડ્યુએટ મોપેડ નંબર જીજે.૨૭.બી.એ.૯૭૩૮ ના ચાલકે પોતાનું મોપેડ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતાં, દિગમ્બરભાઇનાં મોટર સાયકલને ટક્કર મારતાં, દિગમ્બરભાઇ નીચે પડી જતાં, માથામાં ગંભીર ઇજાઓ થતાં, દિગમ્બરભાઇનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી એમ.એન.પંડયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૯/૧૭</u>**

**નિકોલ** : સંજયભાઇ રમેશભાઇ પરમાર (ઉ.વ.૧૭)(રહે,ભુવાલડી ગામ, મેરાજ ફળી, હોળી ચકલાની બાજુમાં, તા,દસક્રોઈ જી,અમદાવાદ) એ તા.૪/૨/૧૭ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે કોઇ અગમ્ય કારણસર ભુવાલડી ગામની સીમમાં પોતાની જાતે કોઇ દવા પી લીધી હતી. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૪/૨/૧૭ રાતનાં ૯/૨૫ વાગે ફરજ પરનાં ડૉ.શ્રીએ સંજયભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)